# Annexure-XX

ચાર પક્ષીય કરાર **(FPA-DIS-GUVNL- DARKZONE) (તા. ૦૧.૦૪.૨૦૧૨ થી અમલમાં)**

આ કરાર આજરોજ તારીખ______________ તાલુકા________________ એ જીલ્લા ______________ એ ગુજરાત ગ્રીન રેવલ્યુશન કંપની લિમિટેડ કે જે કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે અને જેની નોંધાયેલ ઓફીસ પી. ઓ.ફર્ટીલાઈઝરનગર.૩૯૧ ૭૫૦, જીલ્લા વડોદરા ખાતે આવેલ છે (જેને હવે પછી "જીજીઆરસી" તરીકે ઓળખવામાં આવે) જે શબ્દના અર્થમાં તેના વારસો અને અનુગામીઓનો સમાવેશ થયેલ છે, તેવુ માની લેવાનુ છે. તેઓ પ્રથમ પક્ષવાળા છે. (જેનુ પ્રતિનિધિત્વ__________________________ દ્વારા કરવામાં આવશે)

**જીજીઆરસી વતી અધીકૃત વ્યકિત ની સહી(GGRC/GSFC/GNFC)**

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

અને

શ્રી /શ્રીમતી ________________________________________ રહે. ગામ __________________________
તાલુકો______________ જીલ્લો ____________ ગુજરાત રાજ્ય (જેઓને હવે પછી "ખેડુત" તરીકે ઓળખવામા આવશે) જે શબ્દના સાચા અર્થમાં જેઓ જાતે તેમના વારસદાર,વહીવટદાર,એસાઈનીઓ અને એક્ઝીકયુટરનો સમાવેશ થયેલ છે તેવુ માની લેવાનુ છે. તેઓ બીજા પક્ષકાર છે (આ ખેડુતના નોમીની તરીકે શ્રી/શ્રીમતી ________________________છે જેઓ અરજદાર સાથે_________________ નો સંબધ ધરાવે છે. )

અને

પસંદગી પામેલ સ્પ્લાયર એટલેકે એમ.આઈ.સીસ્ટમ લગાડનાર કંપની ખેડુતો દવારા પસંદ કરેલ પક્ષકાર(ટપક પધ્ધતિ / મીનીફુવારા / ફુવારા / રેઈનગન / પોરસ પાઈપ પધ્ધતિ, એક અથવા એકથી વધુ સમન્વયવાળી પધ્ધતિ) કે જે આ પધ્ધતિ વિશે જ્ઞાન આપશે અને સીસ્ટમની જાળવણી કરશે (પાંચ વર્ષ દરમ્યાન) મેસર્સે _______ ઠે._________________(જેઓ હવે પછી એમ.આઈ.એસ. સપ્લાયર તરીકે ઓળખાશે) જે શબ્દનાં અર્થમાં તેના અનુગામી અને એસાઈનીનો સમાવેશ થયેલો છે તેવુ માની લેવાનુ છે. તેઓ ત્રીજા પક્ષકાર (જેનુ પ્રતિનિધિત્વ _________________ કરશે) નાઓ વચ્ચે કરાર કરવામાં આવેલ છે.

અને

એમજીવીસીએલ/પીજીવીસીએલ/યુજીવીસીએલ/ડીજીવીસીએલ, કંપનીઓના ધારા નં ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની કે જેની રજીસ્ટર્ડ ઓફીસ (અત્રે "એમજીવીસીએલ/ પીજીવીસીએલ/ યુજીવીસીએલ/ ડીજીવીસીએલ" ઓળખાશે) કે જેના વારસો અને અનુગામીઆનો સમાવેશ થયેલ છે, તેવુ માની લેવાનુ છે. તેઓ ચોથા પક્ષવાળા છે, જેનુ પ્રતિનિધિત્વ_______________ ______ દ્વારા કરવામાં આવશે)

ગુજરાત સરકાર દ્વારા તેના જી.આર.નં.પીઆર.સી.એચ. ૧૦૨૦૦૫–૪૯૭ – અને તારીખ ૯/૫/૨૦૦૫ થી ગુજરાત સરકાર વતી રાજયમાં એમ.આઈ.એસ. ના અમલ માટે અમલ કરનાર એજન્સી તરીકે જી.જી.આર.સી. ની નિમણુંક કરવામાં આવેલ છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ નાં પરિપત્ર ક્રમાંક નં. જીયુવીએનએલ–ટેક–ડાર્કઝોન–૧૧૩૦, તા. ૨૧/૦૪/૨૦૧૨ મુજબ ડાર્કઝોનમાં સમાવિષ્ટ થતા તાલુકાનાં ખેડુતો જો જો માઈક્રો ઈરીગેશન પધ્ધતિ અપનાવવા માંગતા હશે તો એમને એમજીવીસીએલ / પીજીવીસીએલ /યુજીવીસીએલ / ડીજીવીસીએલ તરફથી રેગ્યુલર વીજ કનેકશન આપવામા આવશે એવુ નક્કી થયેલ છેખેડુતે તેમની સુક્ષ્મસિંચાઈ પધ્ધતિ લગાડવાની અરજી, વિજ કનેકશન મેળવવા માટે તેમની સબંધીત વિજ કંપની એમજીવીસીએલ / પીજીવીસીએલ /યુજીવીસીએલ / ડીજીવીસીએલ મારફત તારીખ________ના રોજ જીજીઆરસી ખાતે નોંધણી થયેલ છે.

ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન) એમ.આઈ.એસ. સપ્લાયરની સહી
નીચેની જણાવેલ શરતો અને દરેક પક્ષની જવાબદારી સાથે જીજીઆરસી / એમ.આઈ.એસ. સપ્લાયર / ખેડુત અને એમજીવીસીએલ / પીજીવીસીએલ / યુજીવીસીએલ / ડીજીવીસીએલ વચ્ચે નક્કી થયા મુજબ, ખેડુતે પસંદ કરેલ એમ.આઈ.એસ. સપ્લાયર મારફત ખેડુત ના ખેતર પર સુક્ષ્મ પિયત પધ્ધતિ લગાડવા માટે સહમત થયેલ છે.

આથી ખેડુતે જી.જી.આર.સી નો રજીસ્ટર્ડ અરજી નં______________ તારીખ________________થી સંપર્ક કરેલો અને મોજે ગામ______________તાલુકો જીલ્લો_______________ ગુજરાત રાજયમાં આવેલ___________હેકટર જમીન પર______________ પિયત પધ્ધતિ પસંદ કરેલ એમ.આઈ. એસ સપ્લાયર દ્વારા બેસાડી અપાવવા વિનંતી કરેલ છે.

ડેપ્યુટી ઈજનેર : એમજીવીસીએલ/ પીજીવીસીએલ/ યુજીવીસીએલ/ ડીજીવીસીએલ નીચેની ખાતરી આપેલ છે:

૧.૦ આવેલ અરજીઓ (ફોર્મ નં.૧) ગુજરાત ગ્રીનરીવોલ્યુશન કંપની લી. (GGRC) પો. ફર્ટીલાઈઝરનગર–૩૯૧૭૫૦ ને સીધી જ આગળની કાર્યવાહી માટે માકલશે.

૨.૦ એમજીવીસીએલ/ પીજીવીસીએલ/ યુજીવીસીએલ/ ડીજીવીસીએલ સમાન્ય સંજોગોમાં ખેડુત ને એસ્ટીમેટ આપવાની કાર્યવાહી, જીજીઆરસી તરફથી રજી.નં./ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયાથી ૨૧ દિવસની અંદર થશે.

૩.૦ ખેડુત એસ્ટીમેટ પ્રમાણેની રકમ ભરેલ હશે તો ખેડુતને તેની જમીન પર નવુ વીજ કનેકશન આપશે

૪.૦ ખેડુતે જો એસ્ટીમેટ પ્રમાણેની રકમ ભરશે તે તારીખ થી ૯૦ દિવસની અંદર એમજીવીસીએલ / પીજીવીસીએલ / યુજીવીસીએલ / ડીજીવીસીએલ રેગ્યુલર, વીજ કનેકશન આપશે.

૫.૦ સામાન્ય કક્ષાના ગ્રાહક પ્રમાણેના હક્કો અને ફરજો પ્રમાણે ઈલેકટ્રીક સપ્લાય આપવામા આવશે.
સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવનાર લાભાર્થી ખેડુતને પ્રતિક્ષા યાદી ક્રમને અબાધ્ય ગણી વીજ કનેકશન આપવામાં આવતુ હોઈ, જો લાભાર્થી ખેડુત સુક્ષ્મ પિયત પધ્ધતિ દ્વારા પિયત આપવાનું ચાલુ નહી રાખે તો, તેવા સંજોગોમાં એમજીવીસીએલ / પીજીવીસીએલ / યુજીવીસીએલ / ડીજીવીસીએલ વીજ જોડાણ કાપી નાખશે.

જી.જી.આર.સી. એ, ખેડુતની વિનંતી કે, અધિકૃત થયેલ અને ખેડુત દ્વારા પસંદ કરાયેલ એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા, ખેડુતના ખેતરમાં એમ.આઈ.એસ બેસાડી આપવાની વિનંતી નીચે જણાવેલી શરતો ને આધીન રહી સંમતી આપેલ છે, દરેક પક્ષકારની ફરજો અને જવાબદારીઓ નીચે મુજબ છે.

**૧.૦** જી.જી.આર.સી. ને ઉપરોકત દર્શાવેલ અરજી__________________________________________(બેંક અને શાખાનુ નામ લખવુ) તરફથી તા ના રોજ "એન.ઓ.સી. સહ મંજુરી પત્ર" સાથે આ અરજી મેળવેલ છે. ખેડુત દ્વારા પસંદ કરાયેલ એમ.આઈ.એસ. સપ્લાયરે સર્વે/ મોજણી કરી, ખેડુતોની

જરૂરીયાત મુજબ તૈયાર કરેલ ડીઝાઈન અને ખર્ચનો અંદાજ વગેરે ના સર્વે સાથે તાંત્રિક આર્થિક અહેવાલ, સંમતિપત્રક, ખેડુતના ખેતરમાંથી જમીન અને પાણીનાં ભેગા કરાયેલા નમુનાઓ માટે માન્ય કરેલ લેબોરેટરીનો ચકાસણી અહેવાલ અને સંપુર્ણ ભરેલ અરજી (ફોર્મ નં.૧) તે સાથે બીડેલા દસ્તાવેજો એટલેકે ફોર્મ–૮અ, ફોર્મ–૭/૧૨, ફોર્મ નં. ૧૬/ પાણી વહેંચણીનો કરાર/ જો નહેર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવતુ હોય તેવા સંજોગોમાં પાણીનાં પુરવઠા માટેની ખાત્રીનું પ્રમાણપત્ર/અનુસુચિત જાતી/ અ.જનજાતી નો દાખલો અને બેંક બ્રાંચને નાના તેમજ સીમાન્ત ખેડુતનો દાખલો.

અથવા

જી.જી.આર.સી ને ખેડુતો દ્વારા પસંદ કરેલ એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી મોજણી/ સર્વે કર્યા બાદ, ખેડુતોની જરૂરીયાત મુજબ તૈયાર કરેલ ડીઝાઈન અને ખર્ચનો અંદાજ સાથે તાંત્રિક આર્થિક અહેવાલ, સંમતિપત્રક, ખેડુતના ખેતરમાંથી ભેગા કરેલ જમીન અને પાણીનાં નમુનાઓ માટે માન્ય કરેલ લેબોરેટરીનો ચકાસણી અહેવાલ અને સંપુર્ણ ભરેલ અરજી (ફોર્મ નં.૧) તે સાથે બીડેલા દસ્તાવેજો એટલેકે ફોર્મ–૮અ,ફોર્મ–૭/૧૨,ફોર્મ નં. ૧૬/પાણી વહેંચણીનો કરાર/ જો નહેર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવતુ હોય તેવા સંજોગોમાં પાણીનાં પુરવઠા માટેની ખાત્રીનું પ્રમાણપત્ર,અનુસુચિત જાતી/અ.જનજાતી નુ પ્રમાણપત્ર અને નાના તેમજ સીમાન્ત ખેડુતનુ પ્રમાણપત્ર સાથેની ઉપરોકત અરજી મળેલ છે.

## ૨.૦ વર્કઓર્ડરઃ

ખેડુતો દ્વારા યોગ્ય રીતે સ્વીકૃત થયેલ એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી નીચે મુજબનો અંદાજ મેળવ્યા છે, અને ખાત્રી કર્યા પછી ખેડુતો વતી જી.જી.આર.સી. એ જી.આર.નં.પી .આર.સી.એચ. ૧૦૨૦૦૫–૪૯૭ – અને તારીખ ૯/૫/૨૦૦૫ ના કલોઝ નંબરઃ૬ મુજબ, એમ.આઈ.એસ. નો ખર્ચ મંજુર કરેલ છે.

| ક્રમ નં | | વિગત (રૂા.) | ખર્ચ/હેકટર (રૂા.) | કુલ રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| A | A1 | મુખ્ય એકમ ખર્ચ | | |
| | A2 | A1 પર VAT @ 5% | | |
| | A3 | કુલ મુખ્ય એકમ ખર્ચ (A1+A2) | | |
| B | B1 | ગૌણ પરીવહન સિવાયનો ક્ષેત્રિય એકમ ખર્ચ | | |
| | B2 | ગૌણ પરીવહન | | |
| | B3 | (B1+B2) પર VAT @ 5% | | |
| | B4 | કુલ ક્ષેત્રીય એકમ ખર્ચ (B1+B2+B3) | | |
| | | કુલ રકમ (A+B) | | |
| C | | ખેતી ઉપયોગી સલાહ સેવા કર સાથે | | |
| D | | ગોઠવણી ખર્ચ સાથે | | |
| | | કુલ રકમ (A+B+C+D) | | |
| E | E1 | ખેડુતનો અને એમ.આઈ.એસ. માટે એક વર્ષનો વિમો(A+B+C+D) @ 0.30 % ના દરે | | |
| | E2 | E1 વીમા પર સેવાકર અને શિક્ષણ ઉપર કર @ 12.36% | | |
| | E3 | કુલ વિમો (E1+E2) | | |
| | | કુલ રકમ (A+B+C+D+E) | | |
| F | | તટસ્થ એજન્સી નિરિક્ષણ ખર્ચ | | |
| | | તટસ્થ એજન્સી નિરિક્ષણ ખર્ચ ઉપર કર @ 12.36% | | |
| | | કુલ રકમ (A+B+C+D+E+ F) | | |
| G | | સમ્પ / ટાંકી (,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,મી ની ક્ષમતા સાથે) નો ખર્ચ | | |
| | | એમ.આઈ.એસ.નો ખર્ચ (A+B+C+D+E+F) | | |

૨.૧ ખેડુતો વતી જી.જી.આર.સી. એ તા.________ના રોજ વર્ક ઓર્ડર નં ________થી એમ.આઈ.સીસ્ટમ મોકલવા અને ગોઠવી આપવા માટે ઉપર દર્શાવેલ એમ.આઈ.એસ. કિંમત (સમ્પ/ટાંકી વગર) એમ.આઈ.એસ. સપ્લાયર ને આપેલ.

૨.૨ એમ.આઈ.એસ સપ્લાયર દ્વારા સમ્પ / ટાંકી માટે રજુ કરેલ અંદાજીત ખર્ચ અને ડીઝાઈનના આધારે, જી.જી.આર.સી. ખેડુત/ બેંક ને લોન મંજુર કરવા (ટાંકી બાંધવા માટે) અલગ પત્ર સહ મંજુરી આપશે.

## ૩.૦ એફ.પી.એ. માં સહી (ચાર પક્ષીય કરાર)

૩.૧ આ ચારપક્ષીય કરાર પર ખેડુત, એમ.આઈ.એસ. સપ્લાયર અને જી.જી.આર.સી, જીઈબીના અધીકૃત પ્રતિનિધિઓએ સહી કરી છે.

અથવા

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

આ ચારપક્ષીય કરાર પર ખેડુત, એમ.આઈ.એસ. સપ્લાયર અને જી.જી.આર.સી, જીઈબીના અધીકૃત પ્રતિનિધિઓએ સહી કરી છે. ખેડુતે એમ.આઈ.એસ. નો ખર્ચ(સમ્પનો ખર્ચ બાદ કરીને) અને મેળવવા પાત્ર સરકારી સહાય/ફાળા વચ્ચેનો તફાવત રોકડા અથવા રૂા. નો_______________તારીખ____________ અને_____________ નં. વાળા ડી.ડી. દ્વારા એમ.આઈ.એસ સપ્લાયર્સને આગળ ઉપર જી.જી.આર.સી. ને ચુકવી આપવા આપેલ છે. સદરહુ ડી.ડી. ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિ. નામનો, કોઈપણ નેશનલાઈઝડ બેંક દ્વારા વડોદરા ખાતે વટાવી શકાય તેવો હોવો જોઈએ.

૩.૨ આ ચરપક્ષીય કરાર, એમ.આઈ.એસ. સપ્લાયર્સ પાસેથી ખેડુત એમ.આઈ.એસ. નો સ્વીકાર કરે તે દિવસથી અસ્તિત્વમાં આવશે અને ખેડુત જી.જી.આર.સી. ખાતે જમા કરાવવા માટે એમ.આઈ.એસ. સપ્લાયરને આપશે.

**૪.૦ <u>ટ્રેન્ચીંગ અને ટ્રેન્ચીંગનુ પુરાણ:</u>**

૪.૧ ખેડુત પોતાના સ્વખર્ચે એમ.આઈ.એસ. સપ્લાયરની સલાહ અને ટ્રેંચીંગ પ્લાનમા માન્ય કરેલ ડિઝાઈન મુજબનું ટ્રેંચીંગ (ખાઈ) ખોદ કામ કરવા/કરાવવા અને માલ—સામાન પહોંચાડવા અને બેસાડી આપે તે માટે ખેતર એમ.આઈ.એસ સપ્લાયરને એફ.પી.એ. (ચારપક્ષીય કરાર) સહી કર્યાના દિવસથી ૭ દિવસમાં ખેતર સોંપવા સહમત છેં વધુ, ખેડુત આ ટ્રેન્ચીંગનુ પુરાણ,માલસામાન ગોઠવાઈ જાય અને તટસ્થ ઈન્સ્પેકશન એજન્સી દ્વારા તેનું નિરિક્ષણ થઈ ગયા બાદ જ કરવા પણ સહમત છે.

૪.૨ જો ખેડુત ટ્રેન્ચીંગ કામ (ખાઈ ખોદકામ) કર્યા પછી, એમ.આઈ.એસ. સપ્લાયરને ફોર પાર્ટી એગ્રીમેન્ટ (ચારપક્ષીય કરાર) સહી કર્યા દિવસથી ૭ દિવસમાં સોંપી દેતો નથી તો ગોઠવણીના કામમાં વિલંબ થશે અને જે માટે જી.જી.આર.સી. અને એમ.આઈ.એસ સપ્લાયર જવાબદાર નથી તેઅંગે ખેડુત સહમત છે.

**૫.૦ <u>એમ.આઈ.એસ ની ગોઠવણી માટે માલ—સામાન મોકલવા અને તે માટેની એમ.આઈ.એસ. સપ્લાયર્સને અગ્રીમ ચુકવણી/ બાનાની ચુકવણી અને સમ્પના બાંધકામ માટે બેંક દ્વારા ચુકવણી</u>**

૫.૧ એમ.આઈ.એસ સપ્લાયર્સ એફ.પી.એ. સહી કર્યા પછી તરત જ જીજીઆરસી ને એમ.આઈ.એસ. ની કુલ રકમના ૫૦ ટકા રકમ લોની કેસમાં અથવા ૨૫ ટકા રકમ નોન લોની કેસમાં અનુરૂપે બેંક અથવા જીજીઆરસી તરફથી એડવાન્સ પેટે મેળવવા પ્રોફોર્મા ઇન્વોઈસ રજુ કરશે.

૫.૨ બાનાની રકમ મળેથી, એમ.આઈ.એસ. સપ્લાયર બાનાની રકમ મેળવ્યાનાં દિવસથી ૭ દિવસની અંદર માલ—સામાન પહોંચાડી દેશે/આપી દેશે.

૫.૩ એમ.આઈ.એસ. સીસ્ટમ ગોઠવવા જરૂરી એવા ઓજારો/ સાધનો/ હિસ્સાઓ ને સલામત રીતે સંગ્રહ કરવા ખેડુત એમ.આઈ.એસ. સપ્લાયર ને જગ્યા આપશે (જેનો ખર્ચ એમ.આઈ.એસ. સપ્લાયરે ભોગવવાનો છે) તેવી સહમતી આપે છે.

**૬.૦ <u>એમ.આઈ.એસ. ની ગોઠવણી, સમ્પનું બાધકામ અને તટસ્થ એજન્સી દ્વારા નિરિક્ષણ:</u>**

૬.૧ એમ.આઈ.એસ. સપ્લાયરના માર્ગદર્શન મુજબ ફીલ્ટર માટે પ્લેટફોર્મ, ફરટીગેશન ટેંક, હેડ કંટ્રોલ યુનીટનું બાંધકામ માટે અનુકુળ એવા પાક્કા પ્લેટફોર્મ અને બીજા બાંધકામના કામ  જેવા કે, વાલ્વ ચેમ્બર રોડ/નુલ્લાહ ક્રોસીંગ ગોઠવણી, વિગેરે. ઉપરોકત બાંધકામના ખર્ચ ખેડુતે ભોગવવાનો રહેશે.

૬.૨ એફપીએ(ચારપક્ષીય કરાર) સહી કર્યા પછીથી તટસ્થ એજન્સી દ્વારા નિરિક્ષણ કર્યા સુધીના સમય દરમ્યાન જીજીઆરસી પાસેથી મેળવેલ અનુમતી પત્ર (એપ્રુવલ લેટર) માં લખેલા / મુજબ ના વિસ્તૃત વર્ણન/ વિસ્તાર /ફેલાવો /માપ મુજબ સમ્પ બાંધવા ખેડુત સહમત છે. આ બાંધકામમાં વિલંબ થી એમઆઈસીસ્ટમ ની ગોઠવણીમાં વિલંબ થશે જે માટે ના તો જીજીઆરસી કે ના તો એમ.આઈ.એસ. સપ્લાયર્સ જવાબદાર છે.

૬.૩ ખેડુતે સ્વખર્ચે પમ્પ ચલાવવા અનુરૂપ હોય તેવુ પમ્પીંગ યુનીટ, પાવર (વીજળી) અને વોલ્ટેજ પુરા પાડવા સહમત છે.

૬.૪ ખેડુત એમ.આઈ.એસ સપ્લાયરને એમ.આઈ.એસ. ના જુદા જુદા ભાગો/ સર સામાન/ સાધનો/ ઓજારો ની ખેતરમાં હેરફેર અને તેને ખેતરમાં પાથરવામાં મરજીયાત રીતે કરવા સહમત છે.

૬.૫ એમ.આઈ.એસ. સપ્લાયર ગોઠવવાની પ્રક્રિયા શરૂ કરીને ૧૫ દિવસમાં પુરી કરવાની છે.

૬.૬ એમ.આઈ.એસ. સપ્લાયર જીજીઆરસી દવારા તટસ્થ ઈન્સ્પેકશન એજન્સીને ગોઠવણીની પ્રકિયા પૂર્ણ થયેલ છે તે જાણ કરી બોલવશે, જેથી તટસ્થ ઈન્સ્પેકશન એજન્સી જીજીઆરસી ના ધારા ધોરણો પ્રમાણે ચકાસણી પુરી કરી દેશે.

૬.૭ એમ.આઈ.એસ. સપ્લાયર તટસ્થ ઈન્સ્પેકશન એજન્સી દ્વારા ભૌતિક ચકાસણી અને અજમાઈશી ન થાય ત્યાં સુધી નિયત કરેલ જગ્યા પર ખોદેલ ટ્રેંચ (ખાઈ) ખોદેલા રહે તેવી કાળજી રાખશે.

૬.૮ જયારે તટસ્થ એજન્સી દ્વારા ભૌતિક ચકાસણી તથા અજમાયીશી થાય ત્યારે ખેડુત સ્થળ પર હાજર રહીને એમ.આઈ.એસ. ની ગોઠવણી માટે સંતોષ મેળવી શકે છે.

૬.૯ અજમાયીસી ચકાસણી થયા બાદ, ખેડુત એમ.આઈ.એસ. સીસ્ટમ એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી સ્વીકારશે અને નિયત કરેલ માળખામાં (પ્રીસક્રાઈબ્ડ ફોરમેટ) માં ફાઈનલ એકસેપ્ટન્સ સર્ટીફીકેટ (છેલ્લી સ્વીકૃતી પ્રમાણપત્ર) એમ.આઈ.એસ. સપ્લાયરને આપશે.

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

૬.૧૦ જો જીજીઆરસી દ્વારા નિયત કરાયેલ એમ.આઈ.એસ. સપ્લાયર ગોઠવણીમાં એક મહિનાથી વધારેનો વિલંબ કરેતો, તે સીવાયના બીજા નિયત કરાયેલ એમ.આઈ.એસ. સપ્લાયરની પસંદગી કરવાની છુટ છે. વિલંબનો સમય એફપીએ સહી કર્યા તારીખથી ગણી શકાય.

## ૭.૦ સમ્પ અને એમ.આઈ.એસ. માં સરકારનો ફાળો

૭.૧ એમ.આઈ.એસ. સીસ્ટમમાં સરકારનો ફાળા માટે કાર્યવાહી કરી ને મંજુર કરવામાં આવશે જો ખેડુતે જીજીઆરસી માં રજુ કરવા માટે એમ.આઈ.એસ. સપ્લાયરને સબસીડી કલેમ ફોર્મ (ફોર્મ નંબર–ર) (આર્થીક સહાય દાવા ફોર્મ)આપી દીધેલ હશે.

૭.ર જીજીઆરસી ખેડુતની એમ.આઈ.એસ.સીસ્ટમ અને સમ્પમાં સરકારી ફાળાના દાવા (સબસીડી) ની કાર્યવાહી જી.આર.નં.પી.આર.સી.એચ. ૧૦ર૦૦પ–૪૯૭ – એન તારીખ ૯/પ/ર૦૦પ અને પત્ર નં પી.આર.સી.એચ. ૧૦ર૦૦પ–૪૯૭ – એન તારીખ ર૯/૧ર/ર૦૦૬ કરશે અને તેને ખેડુતના ખાતામાં બેક એન્ડેડ સબસીડી તરીકે જમા કરશે.

૭.૩ જીજીઆરસી એ એમ.આઈ.એસ. ના ખર્ચના પ૦ ટકા અથવા પ્રતિ હેકટરે રૂા ૬૦,૦૦૦/– મર્યાદામાં બંન્નેમાંથી જે ઓછુ હશે તેટલી રકમ છુટી કરશે. જી આર મુજબ ખેડુત બેક એન્ડેડ ગવર્મેન્ટ કોન્ટ્રીબ્યુશન જમા મેળવવા માટે હક્કદાર છે એટલે કે સરકારી ફાળો ખેડુતના ખાતામાં પાંચ વર્ષ માટે અથવા જો લોન લીધેલ હોય તેવા સંજોગોમાં લોન પરત થાય ત્યાં સુધી જમા રહેશે.

૭.૪ સરકારી ફાળા પરનુ વ્યાજ ખેડુત પાસેથી વસુલ થશે નહી.

૭.પ સરકારી ફાળાના હક્કદારી મુજબ, ખેડુતે એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી જે તારીખથી લીધી હોય તે તારીખથી પ વર્ષ સુધી એમ.આઈ.એસ. સીસ્ટમની જળવણી કરવી પડશે અને જે ને માટે ખેડુતે સબસીડી કલેમ (રાહત દાવા) સાથે પ્રમાણપત્ર આપવુ પડશે.

૭.૬ ખેડુત એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી એમ.આઈ.એસ. લીધાની તારીખથી પાંચ/પ વર્ષ દરમ્યાન, જો કોઈપણ કારણોવસાત ખેડુત ના ખેતરમા ન હોય તો,ખેડુત સરકારી ફાળા માટે હક્કદાર નથી અને જીજીઆરસી ખેડુત પાસેથી સરકારી ફાળો વસુલ કરશે.

૭.૭ સબસીડી હેતુથી આ કરાર જવાબદારીના એક ભાગરૂપે ગણાશે.

### ૭.૮ ખેડુતની બીજી જવાબદારીઃ

૭.૮.૧ ખેતરમાં એમ.આઈ.એસ. ગોઠવાઈ/ બેસી જતા, ખેડુત તેનુ ખાતુ સરભર (આપી અથવા લઈને) કરવા સહમત છે. જીજીઆરસી ખેડુતને આખરના હિસાબ માટે સલાહ – સુચન આપશે અને એમ.આઈ.એસ. સપ્લાયર બાકી રકમ લઈ લેવા/ ચુકવી આપવા સહમત છે.

૭.૮.ર જો ગુજરાત સરકાર દ્વારા કોઈ ટેક્ષ / વેરો નાખવામાં આવે તો, ખેડુત સીસ્ટમ ગોઠવાઈ જાય પછી અથવા એમ.આઈ.એસ. ગોઠવવાની પ્રક્રિયા દરમ્યાન તે ચુકવવા સહમત છે, જે એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા અંદાજીત અને ખેડુત વતી જીજીઆરસી પાસે રજુ કરેલ ખર્ચ/રકમ ઉપરાંત હશે.

૭.૮.૩ ખેડુત પ વર્ષ સુધી આ સીસ્ટમમાં કે સીસ્ટમનો બદલાવ/ સુધારો/ નાશ/ ફેરવેચાણ/ નીકાલ કરશે નહી તે માટે સહમત છે. આવા કોઈપણ પ્રકારના બદલાવ/ સુધારા/ નાશ/ નીકાલ/ વેચાણ/ નુકશાન ને કારણે, ગુજરાત સરકાર ના કોઈ સુધાર/સંશોધન ને કારણે સરકારી ફાળાનો હક્કદારીમાં વધઘટ થાય, નિપજમાં ઘટાડો થાય, પાક આછો થઈ જાય વગેરે અસરો માટે જીજીઆરસી કે એમ.આઈ.એસ. સપ્લાયર જવાબદાર નથી તે ખેડુત જાણે.

૭.૮.૪ ખેડુતના કોઈ કૃત્ય/ કાર્ય ને કારણે સાધનો કે ઓજારો કે સામગ્રી ને નુકશાન થાયતો જીજીઆરસી અથવા એમ.આઈ.એસ. સપ્લાયર જવાબદાર નથી.

૭.૮.પ ખેડુત એમઆઈસીસ્ટમ આખી અને તેનો કોઈભાગ વેચી શકે નહી કે તબદીલ કરી શકે નહી કે તેના પર ભાર કે બોજો ઉભો કરી શકે નહી અને ખેડુતના આવા કૃત્ય માટે જીજીઆરસી અથવા એમ.આઈ.એસ. સપ્લાયર જવાબદાર નથી.

૭.૮.૬ ખેડુતે એને સોંપવામાં આવેલ સાધનોની સુરક્ષા નિશ્ચિત કરવી પડશે. એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા સોંપવામાં આવેલ સાધનોનો ટ્રાયલરન થાય અને ખેડુત દ્વારા તેની સ્વીકૃતી કરવામાં આવે ત્યારથી વિમા ની શરૂઆત થાય તે વચ્ચેના ગાળામાં વિમો લાગુ પડતો નથી. એમ.આઈ.એસ. સપ્લાયર આ ગાળા દરમ્યાન કોઈ સાધન ખોવાય કે ક્ષતિગ્રસ્ત થાય તો જવાબદાર રહેતો નથી, અને ખેડુતે ક્ષતિગ્રસ્ત સાધનો/ ખોવાયેલ સાધનોની પુર્તિ કરવાનો ખર્ચ ઉઠાવવો પડશે.

## ૮.૦ સંયુકત વીમો અને દાવાની પતાવટ

૮.૧ ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી. મારફતે જીજીઆરસી ખેડુતના ખેતર ઉપર ગોઠવાયેલ/બેસાડેલ એમ.આઈ.એસ. ના સાધનો અને તેની કિંમત/મુલ્ય જેટલાનો એક વર્ષ માટેનો ખેડુતનો વીમો લેવા વ્યવસ્થા કરશે. (ધીરાણ લેનાર ખેડુત માટે વીમાનું આવરણ લેવુ ફરજીયાત રહેશે. જયારે ધિરાણ ન લેનાર ખેડુત માટે તે મરજીયાત રહેશે).

૮.ર ખેડુત જીજીઆરસી અને ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની વચ્ચે સહી થયેલ સમજુતી કરારના ધારાધોરણો નિભાવવા/પાલન કરવા સહમત છે, કારણ કે જીજીઆરસી એ ખેડુત વતી તેમાં સહી કરેલ છે.

૮.૩ **ખેડુત નું વિમા કવચ નીચેના સંજોગોમાં લાગુ પડશે,**

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

૮.૩.૧ **ખેડુતના સુક્ષ્મ પિયત પધ્ધતિના ટ્રાયલરન ની તારીખ ૦૧.૧૧.૨૦૧૨ પહેલા** હોયતો ખેડુતને ગોઠવણી થયેલ સુક્ષ્મ પિયત પધ્ધતિના ટ્રાયલરન પછી તેની સ્વીકૃતિની તારીખથી વીમાનુ કવચ અસ્તિત્વ માં આવશે. સાધનો ખેડુતને સુપરત થાય અને વિમો અસ્તિત્વ માં આવે એ વચ્ચેના સમયગાળા માટે વિમો લાગુ પડશે નહી આ સમયગાળા દરમ્યાન કોઈપણ ખોવાયેલ સાધનો અને/ અથવા સાધનો ક્ષતિ પામશે તો ખરાબ સાધનો બદલવા/ ખોવાયેલની પુર્તિ માટેનો ખર્ચ ખેડુતે ભોગવવો પડશે, એમ.આઈ.એસ. સપ્લાયરની કોઈ જવાબદારી રહેશે નહિ.

૮.૩.૨ **ખેડુતના સુક્ષ્મ પિયત પધ્ધતિના ટ્રાયલરન ની તારીખ ૦૧.૧૧.૨૦૧૨ ના રોજ કે ત્યારબાદ હોયતો** ખેડુતને ગોઠવણી થયેલ સુક્ષ્મ પિયત પધ્ધતિના ટ્રાયલરન પછી તેની **સ્વીકૃતિની તારીખના બાદના મહીના ની પ્રથમ તારીખથી વિમાનું કવચ અસ્તિત્વમાં આવશે. સ્વીકૃતિની તારીખ અને વિમાનું કવચ અસ્તિત્વમાં આવે તે વચ્ચે ના** સમયગાળા દરમિયાન સુક્ષ્મ પિયત પધ્ધતિ સાધનો અને/ અથવા સાધનો ક્ષતિ પામશે તો ખરાબ સાધનો બદલવા/ ખોવાયેલની પુર્તિ માટેનો ખર્ચ ખેડુતે ભોગવવો પડશે **તેમજ આ સમયગાળા દરમિયાન ખેડુત નું આકસ્મીક મૃત્યુ પણ વિમા કવચ હેઠળ આવશે નહી, ખેડુત દ્વારા સુક્ષ્મ પિયત પધ્ધતિની સ્વીકૃતિ આપ્યા બાદ વિમાનું આરક્ષણ અસરકારક બને તે સમયગાળા દરમ્યાન** એમ.આઈ.એસ. સપ્લાયરની પણ કોઈ જવાબદારી રહેશે નહિ.

૮.૪ ખેડુત / અરજદારશ્રી ને યથા યોગ્ય રીતે સહી થયેલ વીમાના પ્રમાણપત્ર (ઇન્સ્યુરન્સ સર્ટીફીકેટ) સીધા મોકલવાની વ્યવસ્થા વીમાકંપની દવારા કરવામાં આવેલ છે (લોન લીધી હોય તેવા સંજોગોમાં પણ વીમાકંપની દવારા બેંકને પણ નકલ રવાના કરવામાં આવશે)

૮.૫ ખેડુત એક વર્ષ બાદ પછીના વર્ષો માટે ઈન્સ્યોરન્સ કંપનીનો સીધો સંપર્ક કરીને બારોબાર પ્રિમીયમ ભરીને વીમો રીન્યુ કરાવી શકે છે. એક વર્ષ બાદના ખેડુત તથા ઈન્સ્યોરન્સ કંપની વચ્ચે બારેબાર થયેલ લેવડદેવડ કે વીમાના દાવાના નિરાકરણ માટે જીજીઆરસીની કોઈ જવાબદારી રહેશે નહી.

૮.૬ ખેડુત એમ.આઈ.એસ. ને થયેલ કોઈપણ નુકશાન અંગે લાગતા વળગતા જી.એસ.એફ.સી./ જી.એન.એફ.સી. ના ડેપો ઇન્ચાર્જ અને એમ.આઈ.એસ. સપ્લાયરને તરત જાણ કરશે. ખેડુત એમ.આઈ.એસ. ને આગ (શેરડી સિવાય),ચોરી, ઘરફોળ ચારી,કુદરતી આફતો. જેવી કે ભુકંપ, એસ.ટી.એફ.આઈ. જોખમો વગેરે અને અન્ય કારણોસર થયેલ બાહ્ય ભૌતિક/દેખીતુ નુકશાન અંગે જી.એસ.એફ.સી./ જી.એન.એફ.સી. ના ડેપો ઇન્ચાર્જ અને એમ.આઈ.એસ. સપ્લાયર ને જાણ કરશે. ડેપો ઇન્ચાર્જ અને એમ.આઈ.એસ. સપ્લાયર ખેડુતને ખેડુતના ખર્ચે સમારકામ કરવામાં અને વિમા દાવા ની કાર્યવાહી કરવામાં મદદ કરશે.

૮.૭ જો એમ.આઈ.એસ. ને થયેલ નુકશાન ચોરી, ઘરફોડ ચોરી, વગેરે ને કારણે થયેલ હોય તો બનાવ બાદ તુરંત જ ખેડુતે પોલીસ ફરિયાદ કરવી જોઈએ અને તેની પ્રમાણીત નકલ મેળવવી જોઈએ અને દાવા સાથે એફઆઈઆર ની પ્રમાણીત નકલ જોડી જી.એસ.એફ.સી. ના ડેપો ઇન્ચાર્જ પાસે તાત્કાલીક રજુ કરવી જોઈએ. આ ઉપરાંત વીમાકંપની દવારા સમયાંતરે મંગાવવામાં આવતા દરેક દસ્તાવેજો ની નકલ પ્રમાણિત કરીને મોકલવા.

૮.૮ એમ.આઈ.એસ. સપ્લાયર ખેડુતને નુકશાનીનુ મુલ્યાંકન કરવામાં મદદ કરવા જવાબદાર છે અને ખેડુતને થયેલ નુકશાનનો પ્રથમ દર્શનીય અહેવાલ જીજીઆરસી /જી.એસ.એફ.સી./ જી.એન.એફ.સી. ના ડેપો ઇન્ચાર્જ ને દાવો દાખલ કરવા રજુ કરવાનો છે.

૮.૯ ખેડુતે જે એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી એમ.આઈ સીસ્ટમ ગોઠવાવડાવી હોય તેની પાસે સમય બગાડયા વગર સીસ્ટમનુ સમારકામ કરાવી લેવાનુ છે અને જો જરૂરત હોય, એમ.આઈ.એસ. સપ્લાયરની સલાહ મુજબ નુકશાન પામેલ/ થયેલ સાધનો બદલાવી લેવા જવાબદાર છે.

૮.૧૦ જીજીઆરસી કે એમ.આઈ.એસ. સપ્લાયર નુકશાન પામેલ સીસ્ટમ કે સમારકામમાં ખેડુતને લીધે થયેલ વિલંબને કારણે ઉદભવેલ/ નુકશાન માટે જવાબદાર નથી તે ખેડુત જાણે.

૮.૧૧ ખેડુત એમ.આઈ.એસ. સપ્લાયરને વીમા ના દાવાની રાહ જોયા વગર જાળવણી/ સમારકામ/ મરામત ના વપરાયેલ સાધનો/ ભાગ/ હિસ્સો અને તેવા જરૂરી તેવા વપરાયેલ વસ્તુ માટે ચુકવણું કરવુ જોઈએ. તેમ છતાં એમ.આઈ.એસ. સપ્લાયર ભાગ/ હિસ્સાના સમારકામ/મરામત કે બદલવા માટે કોઈપણ જાતનો મજુરી ખર્ચ લેશે નહી.

૮.૧૨ ખેડુતે જી.એસ.એફ.સી ડેપો ઈન્ચાર્જ ને નિશ્ચિત કરેલા દાવા અરજ, સાથે અન્ય દસ્તાવેજ જો સમારકામ/ મરામત નો ખર્ચ રૂા ૧,૦૦૦/– થી વધુ હોય તો (વીમા રક્ષણ, આકસ્મીક મૃત્યુ સિવાયના દરેક નુકશાનીની રકમ રૂા ૧,૦૦૦/– થી વધુ હોય તો જ અસરકારક છે) દાવાની આગળની કાર્યવાહી હેતુસર રજુ કરવા જોઈએ. ખેડુતના આકસ્મીક મૃત્યુના કિસ્સા સિવાય વિમાકંપની ૧૦ ટકા ઘસારો પ્રતિ વર્ષ મુજબ બાદ કરીને દાવાની પતાવટ કરશે. **ખેડુતે વિમા નો દાવો રજુ કરવા ડેપો ઈન્ચાર્જ ને જાણ કરતા કાગળની નકલ, એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા કરાયેલ સમારકામ/ મરામતના બીલ/ પહોંચ, ચોરી કે ઘરફોળ ચોરીનો દાવો હોય તો પોલીસ એફ.આઈ.આર, પંચનામુ, ફાઈનલ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટ અને દાવાની રકમ રૂા ૫,૦૦૦/– થી વધુ પણ રૂા ૧૦,૦૦૦/– થી ઓછાનો હોય તો ડેપો ઈન્ચાર્જનો અહેવાલ વિમાના દાવાની પતાવટની કાર્યવાહી માટે તાત્કાલીક રજુ કરવા જોઈએ.**

૮.૧૩ ખેડુતના આકસ્મિક મૃત્યુના સંજોગોમાં, ખેડુત દ્વારા નિયુકત કરાયેલ વ્યક્તિ નિશ્ચિત કરેલા દાવા અરજ જી.એસ.એફ.સી./ જી.એન.એફ.સી. ડેપો ઈન્ચાર્જ જે આ દાવા જીજીઆરસી મારફતે ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લિ. મા રજુ કરવા જીજીઆરસી ને મોકલાવશે, સમક્ષ દાવો દાખલ કરી શકે છે.

ખેડુત, ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લિ. દાવાની કાર્યવાહી કરી, મળવાપાત્ર રકમ જી.જી.આર.સી. ને ચુકવી આપી શકે તે માટે દસ્તાવેજો જેવા કે એફ.આઈ.આર, પંચનામુ / ઓચીંતા મૃત્યુનું પંચનામુ, જો લાગુ પડતુ હોય, જો આકસ્મીક મૃત્યુ માટેનો દાવો હોયતો પોસ્ટ મોર્ટમ રીપોર્ટ (મરણોત્તર તપાસ અહેવાલ) અને કાયમી ખોડના સંજોગોમાં સરકારી ડોકટરના પ્રમાણપત્ર દાવા સાથે રજુ કરશે.

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

જી.જી.આર.સી. દાવાની રકમની ચુકવણી નોન–લોની (લોન લીધી નથી તેવા) ખેડુતના વારસદાર ને ( **T.P.A. / F.P.A.** માં ખેડુતે દર્શાવેલ નામ મુજબ) અને લોની (લોન લીધી હોય તેવા) ખેડુતના સંજોગોમાં વીમાકંપની દવારા મંજુર કરેલ રકમ લોનની બાકી પડતી રકમ મજરે કાપી લેવા બેંકને પહોંચાડશે. આ પછી પણ કોઈ રકમ બાકી નીકળશે તો તે રકમ ખેડુતે નિયુકત કરેલ વ્યકિત પાસેથી વસુલ કરાશે અથવા તેને ચુકવી આપશે.

**૯.૦ એમ.આઈ.એસ. સપ્લાયરને એમ.આઈ.એસ અને એગ્રોનોમીકલ સલાહ–સુચન માટે ખેડુત વતી જીજીઆરસી દ્વારા ચુકવણું અને સમ્પ માટે સરકારી ફાળાનું ચુકવણું**

૯.૧ જીજીઆરસી એમ.આઈ.એસ. સપ્લાયરના ભરતીયા (ઈન્વોઈસ) સાથે તટસ્થ ઈન્પેકશન એજન્સીનો ચકાસણી અહેવાલ, ખેડુત પાસેથી એમઆઈસીસ્ટમ મળ્યાનું સમર્થન આપતા પ્રમાણપત્ર મળતા, બેંકને ખેડુત વતી બાકીના નાણા એમ.આઈ.એસ. સપ્લાયરને ચુકવી આપવા સુચન કરશે.

અથવા

જીજીઆરસી એમ.આઈ.એસ. સપ્લાયરના ભરતીયા (ઈન્વોઈસ) તટસ્થ ઈન્સ્પેકશન એજન્સીના ચકાસણી અહેવાલ, ખેડુત પાસેથી એમ.આઈ.એસ. મળ્યાનું સમર્થન આપતુ પ્રમાણપત્ર મળવાથી એમ.આઈ.એસ. સપ્લાયરને બાકીની રકમ ચુકવી અપાશે.

૯.૨ એમ.આઈ.સીસ્ટમ માંનો સરકારી ફાળો ખેડુતના ખાતામાં જમા કરાવા મોકલવાની સાથે એમ.આઈ.એસ. સપ્લાયરને ચુકવણું છુટુ કરવા બેંકને સુચના અપાશે

અથવા

જો ખેડુતે લોન લીધી ન હોય (નોન–લોની) તેવા સંજોગોમાં એમઆઈસીસ્ટમમાનો સરકારી ફાળો ખેડુતના ખાતામાં જમા થશે અને ખેડુત વતી જીજીઆરસી તેનુ સીધુ ચુકવણું એમ.આઈ.એસ. સપ્લાયરને કરશે.

૯.૩ સમ્પ માંનો સરકારી ફાળો લોની ખેડુતના ખાતામાં જમા કરવા બેંકને મોકલવાની સાથે ખેડુતને ચુકવણું કરવા બેંકને સુચના અપાશે.

અથવા

જો ખેડુતે લોન લીધી ન હોય (નોન–લોની) તેવા સંજોગોમાં સમ્પમાંનો સરકારી ફાળો ખેડુતના ખેડુતના ખાતામાં જમા થશે અને જીજીઆરસી તેનુ સીધુ ચુકવણું ખેડુત ને કરશે.

૯.૪ ખેડુતને સિસ્ટમની સોંપણી કર્યાથી ૧૨ મહીના પછી એગ્રોનોમીકલ કન્સલ્ટન્સી ઈન્વોઈસ સામે એક વર્ષ માટેનું ૧૦૦ ટકા ચુકવણું બેંકે કરવાનું રહેશે. સીસ્ટમનસ સોંપણીથી ૧૨ મહીના પછી, પરંતુ ૧૫ મહીનાથી મોડુ નહી તે રીતે જીજીઆરસી ખાતે દસ્તાવેજો જમા કરાવવાનાં રહેશે, કે જેથી રકમ મંજુર કરી બેંકને મોકલવામાં આવશે, જેથી એગ્રોનોમીકલ સર્વીસીસ માટેનું ચુકવણું કરી શકે.

અથવા

ખેડુતને સિસ્ટમની સોંપણી કર્યાથી ૧૨ મહીના પછી અલગથી ઈન્વોઈસ જમા કરાવવાની રહેશે, જેથી જીજીઆરસી એગ્રોનોમીકલ સર્વીસીસ નાં ૧૦૦ ટકા રકમનું ચુકવણું કરી શકે. સીસ્ટમ સ્વીકાર્યાથી ૧૨ મહીના પછી, પરંતુ <u>૧૫ મહીના</u> પહેલા ખેડુતે દસ્તાવેજો જમા કરાવવાનાં રહેશે, કે જેથી રકમ મંજુર કરી ચુકવણું કરી શકાય.

૯.૫ એગ્રોનોમીકલ કન્સલટન્સીની સેવાઓ આપવામાં વિલંબ કે લાભાર્થી ખેડુતને સિસ્ટમ સોંપ્યાથી ૧૫ મહીનાની અંદર જીજીઆરસી ખાતે દસ્તાવેજોની સોંપણીમાં વિલંબ થશેતો દરેક દાવાના કેસ દીઠ/ લાભાર્થી ખેડુત દીઠ રૂા. ૩,૦૦૦/– નો દંડ વસુલ કરવામાં આવશે.

ધીરાણ નહી લીધેલ ખેડુતના કેસમાં, સીસ્ટમની ગોઠવણી અને ટ્રયલરન થયા પછી જો ખેડુત જાણી જોઈને સીસ્ટમ સ્વીકારવાની આનાકાનીનાં કિસ્સામાં એમ.આઈ.એસ. સપ્લાયરને ચુકવણું કરવા અંગેની વિશેષ સત્તા જીજીઆરસી પાસે રહેશે.

અથવા

ધિરાણ લીધેલ ખેડુતના કેસમાં, બેંકના પ્રતિનિધિ સિસ્ટમની ભૌતિક ચકાસણી/ટ્રાયલરન વખતે જો ઉપર પ્રમાણેની ઘટના બને તો હાજર રહેલ ને સાક્ષી તરીકે ગણીને બેંક, ઉપર જણાવ્યા પ્રમાણે જ જીજીઆરસી દ્વારા જમા થયેલ સબસીડીની રકમ લોન એકાઉન્ટમાંથી એમ.આઈ.એસ. સપ્લાયરને ચુકવણું કરવા અંગેના વિશેષ હક્કો બેંક પાસે રહેશે.

**૧૦.૦ <u>એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા બાહેંધરી મુદત દરમ્યાન સમારકામ:</u>**

૧૦.૧ એમ.આઈ.એસ. સપ્લાયરે, બાહેંધરી મુદત દરમ્યાન **(વર્કઆર્ડર ના મુધ્દા નંબર ૮.૩ મુજબ પાંચ વરસ)** સીસ્ટમ કોઈપણ ભાગ / હિસ્સો / સાધનોમાં ઉત્પાદનની ખામી કે કામગીરીની ખામી હોય/ દેખાય તો તેવા સાધનો / ભાગ હિસ્સાનું સમારકામ કરવાનું અથવા બદલી નાખવાના છે.

૧૦.૨ ખેડુત પાસેથી અથવા ખેડુત વતી જીએસએફસી ડેપો ઇન્ચાર્જ દ્વારા લેખીત ફરીયાદ મળ્યાથી એમ.આઈ.એસ. સપ્લાયરના અધિકૃત પ્રતિનિધિ ૭ કામના દિવસમાં સિસ્ટમનાં સાધનો/ ભાગ/ હિસ્સાનું સમારકામ કરવાનું અથવા બદલી નાખવાના છે. જેથી કરીને સિસ્ટમ ચાલુ રહે અને પાક જમીન સિંચાઈ અભાવનો ભોગ ન બને.

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

૧૦.૩ જાળવણીનું કામ પુરૂ થતાજ ખેડુત જે ભાગ/ હિસ્સા/ પુરજા અને વપરાય તેવી વસ્તુઓ કે જેનો જીજીઆરસી દ્વારા અધિકૃત થયેલ ભાવ સુચી પ્રમાણે બાહેંધરી મુદતમાં સમાવેશ થયેલ નથી તેનો ખર્ચ એમ.આઈ.એસ. સપ્લાયરને તેવા ભાગ/ હિસ્સા/ પુરજાના બીલ સામે ચુકવી આપશે.

**૧૧.૦ "નકશા મુજબ બનાવેલાની" હસ્તાંતર કરવુ.:**

૧૧.૧ એમ.આઈ.એસ. સપ્લાયર, એમ.આઈ.સીસ્ટમની અજમાયીશ પછી,"નકશા ની ડીઝાઈન મુજબ બનાવેલ" એક સંપુર્ણ અને અદ્યતન સિસ્ટમ ખેડુતને હસ્તાંતર કરશે. આ નકશો હેડ કંટ્રોલ યુનિટ, વોટર કેરીયર, પાઈપ લાઈન્સ, લોકેશન ઓફ વાલ્વસ, એર રીલીઝ વાલ્વ, જંકશન અને બીજા હિસ્સા/ ભાગ વગેરે સામેલ હોય તેવી ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ (વહેંચણી વ્યવસ્થા) સ્પષ્ટ રીતે દર્શાવતો હોવો જોઈએ.

૧૧.૨ આ સાથે ખેડુતને જમીન સિંચાઈનું પરિશિસ્ટ, ફરટીગેશન પરિશિસ્ટ, જે બધા પાક માટે ડિઝાઈન બનાવી છે તે અંગેનો તાંત્રીક – આર્થિક અહેવાલની નકલ, અને સારસંભાળ/ જાળવણી સમજાવતુ પરિશિસ્ટનું સાહીત્ય એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા અપાશે.

૧૧.૩ "એઝ મેડ મેપ" નો ખર્ચ એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા ભોગવાશે.

**૧૨.૦ બીજી શરતોઃ**

૧૨.૧ પાક ઉત્પાદકતા માત્ર સુક્ષ્મપિયત પધ્ધતિ આધારીત નથી. તેના પર બીજા ઘણા કારણો અસર કરે છે જેવા કે વાવણી ના ઘટકો,ખેતી માટે ઉપયોગમાં લીધેલા ઘટકોનો પ્રમાણ અને સમય, રોગચાળાનો ઉપદ્રવ જમીનનો પ્રકાર અને આબોહવા વગેરે. આથી જીજીઆરસી અને એમ.આઈ.એસ. સપ્લાયરની જવાબદારી માત્ર એમઆઈસીસ્ટમ પહોંચાડવા, પ્રશિક્ષણ, ખેતી વિષયક માર્ગદર્શન અને સિસ્ટમ અને તેનો ખેતરમાં ઉપયોગ માટે ખેડુત સાથે વર્તાલાપ સુધીજ મર્યાદીત છે.

૧૨.૨ જીજીઆરસી અને એમ.આઈ.એસ. સપ્લાયર, કોઈ વિજળીના પ્રવાહમાં વધઘટ, પાણીના સ્ત્રોત કે પંપની નિસ્ફળતા, બેદરકારી પૂર્વકનો ઉપયોગ, તોડફોડ કે અન્ય કારણો કે જે જીજીઆરસી અને અથવા એમ.આઈ.એસ. સપ્લાયર ના નિયંત્રણ બહાર હશે તેવા કારણોના પરિણામ રૂપે ઉભી થતી નુકશાની કે પ્રતિકુળતા માટે જવારદાર નથી.

૧૨.૩ ખેડુતે માઈક્રો ઈરીગેશન સીસ્ટમ, તેનુ દબાણ વ્યવસ્થીત રીતે જાળવી તેની જાળવણી, ઉપયોગ અને સંરક્ષણ કરવુ જોઈએ અને ખેડુતે સીસ્ટમની સમયસર કેમીકલ ટ્રીટમેન્ટ અને નિયમીત રીતે જાળવણી કરવી જોઈએ.ખેડુતે ફીલ્ટરના ઘટકો બલ્ક વોશ મીઠીયા ફિલ્ટર, ફલશીંગ ઓફ લેટરલ અને સબ–મેઈન્સ વગેરેનો પોતાના ખર્ચે જીજીઆરસી અને અથવા એમ.આઈ.એસ. સપ્લાયર ના માર્ગદર્શન અનુસાર સ્વચ્છ રાખવા જોઈએ અને પાક પરીપકવ થાય ત્યાં સુધી તેને જરૂરી એવો યોગ્ય ભેજ જાળવી રાખવા સિસ્ટમનો વ્યવસ્થિત ઉપયોગ કરવો જોઈએ.

૧૨.૪ ખેડુતે સિસ્ટમનો સફળતાપૂર્વક ઉપયોગ કરવા માટે જીજીઆરસી અને અથવા એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા અપાયેલ એગ્રોનોમીકલ માર્ગદર્શન અને સિસ્ટમના ઉપયોગ અને જાળવણીનું માર્ગદર્શન ને ચોક્કસ પણે અનુસરવા જોઈએ.

૧૨.૫ ખેડુતે દરરોજના વપરાશનો હિસાબ રાખવો જોઈએ અને એમ આઈ સીસ્ટમને લગતા બધાજ દસ્તાવેજોની ફાઈલ બનાવી જાળવવી જાઈએ અને એમ.આઈ.એસ. સપ્લાયરના પ્રતિનીધી, તટસ્થ ઈન્સપેકશન એજન્સીના પ્રતિનીધી, અને જીએસએફસી ના લાગતા વળગતા ડેપા ેઈન્ચાર્જની મુલાકાતોનો અહેવાલ જાળવી રાખવો જોઈએ.

૧૨.૬ ખેડુતે કોપણ ખોટી ફરીયાદ/ દાવા દાખલ ન કરવા અથવા અયોગ્ય હોય તેવી પરિસ્થિતિ ઉભી ન કરવી જોઈએ અને નુકશાન અથવા ખોટ અથવા અસગવડતા વધારે ન બતાવવી/ અથવા વધારે ન અંદાજવી કરવી અથવા ખાટી રીતે વધારવી ન જોઈએ અને જો કોઈ મતભેદ કે તકરાર હાયતો સલાહ સંપથી અને જયાં સુધી શકય હોય ત્યાં સુધી જીએસએફસી ના ડેપો ઈન્ચાર્જ / એમ.આઈ.એસ. સપ્લાયર દ્વારા સ્થાનીક સ્તરે પતાવવા પ્રયત્ન કરવો જોઈએ.

૧૨.૭ (અ) આ કરાર અમલમાં હોય એ સમયગાળા દરમ્યાન કોઈપણ સમયે બંને પક્ષકારોમાંથી કોઈના પણ પક્ષની કામગીરી અંગેના વાંધા વિશે કારણો જેવાકે, યુધ્ધ, અંગત વેર કે દુશમનાવટ, લોકવિરોધી કાર્યો, માનવજાતની શત્રુતા જેવી ઘટના, સામાજીક ધાંધલ–ધમાલ તોફાન, ઈરાદાપૂર્વકની ભાંગફોડ, આગ, પુર, વિસ્ફોટ,રોગચાળાનું ફાટી નીકળવુ, લોકો સાથે હળવા મળવા નો પ્રતિબંધ, દેખાવો, તાળા બંધી કે કુદરતી હોનારત (અત્રે ઘટના સમજવુ) વગેરે વિશેનો ખુલાસો ઘટના બન્યાના દિવસથી ૬૦ દિવસની અંદર ઘટના બન્યાની તમામ વિગતની લેખીતમાં જાણ કરવાની રહેશે. અને કોઈપણ પક્ષકાર ઉપર દર્શાવ્યા પ્રમાણેની ઘટનાઓના સમયે કરારને રદ કરી શકશે નહી તથા કોઈપણ પક્ષકાર આ સોંપણી/સેવાઓ બાબતે નુકશાની માટે વળતરની માંગણી કરી શકશે નહી કે આ સેવાઓ મેળવવામાં વિલંબ બાબતમાં કોઈપણ જાતનું વળતર/નુકશાની માંગી શકશે નહી તથા અનિચ્છનીય ઘટના પૂર્ણ થયે અને સામાન્ય પરિસ્થિતી થાય કે તે જ સમયથી આ કરાર ફરીથી અમલમાં રહેશે અને આજ કરાર અંગેની અમલવારીનાં નિર્ણયની અંતિમ અને સંપુર્ણ સત્તા ફકત જીજીઆસી પાસેજ રહેશે.

(બ) આ કરાર અન્વયે આ પ્રકારની કોઈપણ ઘટના માટે આ કરાર હેઠળની જવાબદારીના અંશતઃ કે સંપુર્ણ અમલવારીમાં ૯૦ દિવસથી કે વધારે સમય સુધી વિલંબ થશે અને બંને પક્ષકારોમાંથી કોઈપણ પક્ષ પોતાની રીતે કરારથી મુકરશે તો, ઉતારેલ માલ–સામાન કે એમ.આઈ.એસ. સપ્લાયર પાસેથી લેવાના બાકી રહેતા માલ–સામાન જીજીઆરસી પાતે નક્કી કરેલા ભાવ પ્રમાણે ખરીદવાના અધિકારો જીજીઆરસી પાસે યોગ્ય લાગે તે રીતે અબાધીત રહેશે.

૧૨.૮ આ કરાર અન્વયે કોઈપણ પક્ષકારના હક્કોનો અમલ કરાવવા માટે દાવો કે કાર્યવાહી માત્ર વડોદરા શહેરની કોર્ટમાં જ થશે અને બીજી કોઈ કોર્ટમાં થશે નહી અને પક્ષકારો વડોદરાની કોર્ટની ન્યાય સત્તાને આધીન રહેવા સહમત છે.

૧૨.૯ આ કરારના સમાવિષ્ટ બાબતો ખેડુતને વિગતવાર સમજાવેલ છે આ કરારની બાબતો સંપૂર્ણ રીતે સમજયા પછી આ કરાર પર સહી કરેલ છે.

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

| જીજીઆરસી વતી અધીકૃત વ્યકિત ( સહી અને સીક્કો) | | એમઆઈએસ સપ્લાયર વતી અધીકૃત વ્યકિત ( સહી અને સીક્કો) |
|---|---|---|
| | | |
| **GSFC / GNFC / GGRC** | | |
| **નામ** | **કોડ નંબર** | નામઃ |
| | | |

અને

| ખેડુત (જમીન નો માલીક) | સહી અથવા ડાબા/જમણાં અંગુઠાનુ નિશાન |
|---|---|
| નામઃ | |
| ગામઃ | |
| તાલુકોઃ | |
| જીલ્લો | |

અને

| ખેડુત દવારા નિયુકત વ્યકિત (નોમીની) | સહી અથવા ડાબા/જમણાં અંગુઠાનુ નિશાન |
|---|---|
| નામઃ | |
| ગામઃ | |
| તાલુકોઃ | |
| જીલ્લો | |

અને

| **એમજીવીસીએલ/પીજીવીસીએલ/યુજીવીસીએલ/ડીજીવીસીએલ,** વતી અધીકૃત વ્યકિત ( સહી અને સીક્કો) |
|---|
| નામઃ |

અને

| સાક્ષીઓના નામ | સાક્ષીઓની સહી |
|---|---|
| | |

**ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)** **એમ.આઈ.એસ. સપ્લાયરની સહી**

| | |
|---|---|

ખેડુત ની સહી અથવા ડાબા/જમણા હાથના અંગુઠાનુ નીશાન)

એમ.આઈ.એસ. સપ્લાયરની સહી